# રાષ્ટ્રભાવનાનું ઘડતર અને રચનાત્મક કાર્ય | ડૉ. અરુણ કક્કડ

[**રાષ્ટ્ર, રચનાત્મક કાર્ય અને રાષ્ટ્રપિતા :** નારાયણ દેસાઈ, પ્ર. આ. ફેબ્રુઆરી-૨૦૦૮, પ્રકાશક : રૂપાયતન – જૂનાગઢ, પૃ. સં. ૩૦, સદ્‌ભાવ મૂલ્ય રૂ. ૨૦]

સ્વાતંત્ર્યસેનાની, આરઝી હકૂમતનાં સરસેનાપતિ અને રચનાત્મક ક્ષેત્રે અમૂલ્ય યોગદાન આપનારાં રતુભાઈ અદાણીની સ્મૃતિમાં રૂપાયતન સંસ્થા દ્વારા ‘શ્રી રતુભાઈ અદાણી સ્મૃતિ વ્યાખ્યાનમાળા’ શરૂ કરી. તેનું પ્રથમ વ્યાખ્યાન તા. ૧૩-૧૧-૦૫ના રોજ શ્રી નારાયણભાઈ દેસાઈએ ‘રાષ્ટ્ર, રચનાત્મક કાર્ય અને રાષ્ટ્રપિતા’ એ વિષય પર આપ્યું હતું. જે આપણને પુસ્તિકા રૂપે મળ્યું છે. પુસ્તિકાના આરંભે પ્રકાશકનું નિવેદન છે. ત્યારબાદ મુખ્ય વ્યાખ્યાન પ્રગટ કર્યું છે. વ્યાખ્યાન પછી શ્રી મનસુખભાઈ સાવલિયાનો સાધુચરિત રતુભાઈ અદાણી વિશેનો ‘ઉંબરે થઈ અંબરને આંબતું વિરાટ વ્યક્તિત્વ’ લેખ આપ્યો છે. ત્યારબાદ રતુભાઈના લગ્નપ્રસંગે તેમનાં ધર્મપત્ની કુસુમબહેનને, તેમના પિતાતુલ્ય પૂ. નારાયણદાસ ગાંધીએ આપેલા આશીર્વચન પ્રગટ કરવામાં આવ્યાં છે. ત્યાર પછીનો લેખ શ્રી પ્રવીણ ક. લહેરીનો છે. જેમાં રતુભાઈના વ્યક્તિત્વને ‘સૌરાષ્ટ્રનું ખમીરવંતું વ્યક્તિત્વ’ કહી પ્રગટ કરવામાં આવ્યું છે. અંતે શ્રી હેમંત નાણાવટીએ મુખ્ય વક્તા શ્રી નારાયણભાઈ દેસાઈનો પરિચય, સંકલિત કરીને, મૂકી આપ્યો છે.

શ્રી નારાયણભાઈ વ્યાખ્યાનના આરંભે કહે છે કે : રતુભાઈ એટલે રચનાત્મક કાર્ય, સાદું સંયમપૂર્વકનું જીવન અને ઉત્તમ વહીવટકુશળતા – આ ત્રણ ગુણોનો ત્રિવેણીસંગમ. આ કારણે વ્યાખ્યાનમાળાના આ પ્રથમ મણકામાં, રચનાત્મક કાર્ય અંગે ગાંધીજીના વલણને જે રીતે હું સમજ્યો છું તે રીતે રજૂ કરવું, એ રતુભાઈને પણ મારા તરફથી અંજલિ થશે. ત્યાર બાદ ‘રાષ્ટ્ર’ શબ્દને સમજાવતાં તેઓ કહે છે કે, રાષ્ટ્ર શબ્દ મારી દૃષ્ટિએ ભાવના સાથે જોડાયેલો છે. ગાંધીજીએ સાબરમતી આશ્રમ સ્થાપ્યો અને તેનું બંધારણ લખ્યું. આ બંધારણના પહેલા વાક્યમાં જ ગાંધીની રાષ્ટ્ર વિશેની ભાવના શું હતી એ આવી જાય છે. ગાંધીજીને સૌપ્રથમ નેતાજી સુભાષચન્દ્ર બોઝે રાષ્ટ્રપિતા કહ્યાં હતા. ગાંધીજી રાષ્ટ્રના ઘડવૈયા હતા. એક એક ઈંટ ગોઠવી ગોઠવીને રાષ્ટ્રનું મંદિર ગાંધીએ બનાવ્યું. તેને કારણે એમને રાષ્ટ્રપિતા કહ્યા. રાષ્ટ્રભાવનાને ઘડવાનું સાધન એટલે રચનાત્મક કાર્ય. માતૃભાષા પોતાના પ્રદેશમાં અને પ્રદેશ બહાર હોય તો રાષ્ટ્રભાષા. આ ભાષા રાષ્ટ્રની ઇમારત ઘડવાની બે ઈંટો હતી. ગાંધીજીએ કહ્યું રાષ્ટ્ર એના ગામડામાં છે અને એમાં જો રાષ્ટ્રીયતાની ભાવના, એકાત્મકતાની ભાવના પેદા થાય તો જ રાષ્ટ્ર બને. રાષ્ટ્રભાષાનો પ્રચાર એ એક રચનાત્મક કાર્ય તરીકે ગાંધીજીએ લીધું.

ક્રાન્તિનાં બે પાસાં હોય છે. જૂની વ્યવસ્થાને જમીનદોસ્ત કરી અને નવી વ્યવસ્થાને અંકુરિત કરવી. પરંતુ દુનિયાનાં મોટા ભાગના ક્રાન્તિકારીઓને કઈ વ્યવસ્થાને જમીનદોસ્ત કરવી છે એ જેટલું મગજમાં સ્પષ્ટ છે એટલું કેવી વ્યવસ્થા ઊભી કરવી છે એ સ્પષ્ટ નથી. એ લોકો શું પાડી નાંખવું એ બરાબર જાણે છે પણ શું ઊભું કરવું તેની ખબર નથી. મોટે ભાગે તો જેને પાડી નાંખ્યું હોય એની જ નકલ કરતા હોય છે. પણ ગાંધીજી જાણતા હતા કે મારે અન્યાયી વ્યવસ્થાને ખતમ તો કરવી જ છે પણ એ ખતમ કરતાં કરતાં નવી અહિંસા વ્યવસ્થા પણ ઊભી થવી જોઈએ. માટે આવી વ્યવસ્થા માટે શબ્દ વાપર્યો રચનાત્મક કાર્ય. અસહકારનું

આંદોલન કરવા માટે તે વિસ્તારના લોકો માટે ત્રણ શરતો રખાતી. ગામેગામ રેંટિયો ચાલવો જોઈએ, ગામની હરિજનબાળા ગામના જાહેર કૂવામાંથી પાણી ખેંચી ગામ આખાને પિવડાવે અને ગામની શાળા રાષ્ટ્રીય શાળા બને. આ ત્રણેત્રણ રચનાત્મક કાર્યક્રમો થાય તેને અસહકારની પરવાનગી અપાતી. બારડોલી તાલુકાવાળાએ આ ત્રણ કરી બતાવ્યું એટલા માટે બારડોલીની પસંદગી થયેલી. આ ત્રણ સાંકેતિક કાર્યક્રમોનો અર્થ એ કે બ્રિટિશ સામ્રાજ્યનું રાજ્ય અહીંથી સમાપ્ત થાય અને બીજી બાજુ સમાજનાં લોકો બેઠાં થાય.

ત્યાગને લીધે ઉત્પન્ન થયેલું નેતૃત્વ રાષ્ટ્રઘડતરને માટે અત્યંત આવશ્યક હતું. એ નેતૃત્વ પેદા કરવાની તાકાત આ રચનાત્મક કાર્યે આપી. ત્યાગમાંથી ઉત્પન્ન થયેલા રોલ મૉડેલ પેદા કરવાનું કામ પણ રચનાત્મક કામ હતું. જ્યાં જ્યાં રચનાત્મક કામ થયું ત્યાં ત્યાં આંદોલનને ટકાવી રાખવાની શક્તિ કાયમ રહી. કાં જેલ જાઓ અને જેલ ન જવાય તો ગામડામાંજાવ. જેલમાં જવાથી સત્યાગ્રહને તાકાત મળે છે. ગામડે જવાથી સત્યાગ્રહીને આરામ મળે છે. રચનાત્મક કાર્યનો મુખ્ય ઉદ્દેશ લોકોની અહિંસક શક્તિને જગાડવાનો હતો. જે હજુ પણ પૂરો નથી થયો. એ બાકી રહી ગયો છે.

ત્યાગનું આંદોલન જ્યાં હોય ત્યાં પ્રજા તાકાત અનુભવે છે. ભોગનું આંદોલન હોય ત્યાં પ્રજા લપસવા માંડે છે. ગાંધીજીનો સૌથી સમર્થ કાર્યક્રમ જો કોઈ હોય તો એ ત્યાગનું આંદોલન છે. ત્યાગના આંદોલન મારફતે ગાંધીજીએ દેશની કરોડરજ્જુને મજબૂત કરી, રાષ્ટ્રભાવના કેળવી. રચનાત્મક કાર્યક્રમ મારફત રાષ્ટ્રીયતાની ભાવના પેદા કરી. આમ, આ વ્યાખ્યાનમાં શ્રી નારાયણભાઈ દેસાઈએ રાષ્ટ્રભાવનાનું ઘડતર અને ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિઓનો સંબંધ જોડી આપ્યો.

લોકસેવા કરનાર રતુભાઈએ પોતાની લાંબી જીવનયાત્રામાં સાચા વૈષ્ણવજનના સદ્‌ગુણો પાળ્યા છે. તેઓ શુદ્ધ ખાદીના શ્વેત વસ્ત્રમાં સંત હતા એવું મનસુખભાઈ સાવલિયા નોંધે છે. શ્રી મોરારીબાપુના શબ્દો ‘ઉંબરથી અંબરને આંબતા વિરાટ વ્યક્તિત્વના મહામાનવ’ કઈ રીતે રતુભાઈ માટે યોગ્ય છે તે આ સાધુચરિતનું વર્ણન કરીને દર્શાવી આપ્યું છે. શિક્ષણ, સત્યાગ્રહ, રચનાત્મક કાર્યો, આરઝી હકૂમત, મુંબઈ રાજ્યમાં પ્રધાન પદ, સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિ, અક્ષયગઢનું નિર્માણ વગેરે પ્રવૃત્તિઓ ઉપરાંત તેમના સાહિત્યસર્જનની વાત પણ અહીં કરવામાં આવી છે. ગાંધીશૈલીમાં પ્રગટ થયેલાં તેમનાં દશ પુસ્તકોમાં ‘સત્યાગ્રહનાં સંભારણાં’, ‘સોરઠની લોકક્રાન્તિનાં વહેણ અને વમળ’ વગેરેને યાદ કરે છે અને રતુભાઈ સર્જનહારનું અનોખું સર્જન હતા એમ કહી તેમના સાધુચરિતને આ લેખમાં પ્રગટ કરી આપેલ છે. રતુભાઈનાં જીવનસાથી કુસુમબહેનને લગ્નપ્રસંગે નારણદાસ ગાંધીએ આપેલાં આશીર્વચનમાંથી કુસુમબહેનની સેવાભાવના અને કાર્યશક્તિનો પરિચય આપણને થાય છે. અંતિમ લેખમાં શ્રી પ્રવીણ ક. લહેરીસાહેબ પણ સૌરાષ્ટ્રના આ ખમીરવંતા વ્યક્તિ રતુભાઈનો આત્મીય પરિચય કરાવે છે. જેમાં તેમની તરવડા ગામની પ્રવૃત્તિ અને ચર્મઉદ્યોગની પ્રવૃત્તિની વાતો મુખ્ય છે. આરોગ્યને લગતી પ્રવૃત્તિમાં સોરઠ ક્ષય નિવારણ સમિતિ નિમિત્તે રતુભાઈએ કાર્યો કર્યાં છે. રોજગારી ક્ષેત્રે પણ કાર્યો કર્યાં છે. રતુભાઈ સાથે ખભેખભા મિલાવીને મીઠાના સત્યાગ્રહમાં, ભારત છોડો આંદોલનમાં અને આરઝી હકૂમતમાં કામ કરનાર શ્રી કનુભાઈ લહેરીનાં પુત્ર હોવાને કારણે પ્રવીણભાઈનો આ લેખ આત્મીયતાના સંસ્પર્શવાળો બન્યો છે. પુસ્તિકાના અંતે મુખ્ય વક્તા શ્રી નારાયણભાઈ દેસાઈનાં જન્મ, જીવન, ઉછેર, પ્રવૃત્તિઓ અને સાહિત્યસર્જન વિશેની વીગતો સંકલિત કરીને મૂકી છે.

r